ટ્રાફિકને અડચણરૂપ લારી ગલ્લા દુર કરવા અભિયાન હાથ ધરાયુ

રોડ નં -૫ પર ૧૦ જેટલા લારી ગલ્લા દુર કરાયા હજુ દબાણ હટાવ અભિયાન ચાલુ રહેશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના માર્ગો પર દબાણોનો અડ્ડો જોવા મળી રહ્યો છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન તંત્ર દ્વારા શહેરને લારી ગલ્લા મુક્ત કરવામાં આવ્યુ હતુ. પરંતુ સમય જતા શહેરમાં યથાસ્થાને પુન : દબાણો ગોઠવાઈ જતા સમસ્યા યથાવત રહી હતી. છેલ્લા કેટલાક સમયથી નગરના કોર્મશિયલ વિસ્તારો નજીક પાર્કીંગ પ્લેસ પર દબાણોએ અડ્ડો જમાવ્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે નગરમાં ટ્રાફિકની સમસ્યા પણ પેચીદી બની છે. જયારે માર્ગ સલામતી અને પાર્કીંગને લગતી સમસ્યાઓ પણ જટીલ બની છે. આજે ટ્રાફિક શાખા દ્વારા નગરના રોડ ન-૫ પર દબાણો દુર કરવામાં આવ્યા હતા. ૧૦ જેટલા લારી ગલ્લા જપ્ત કરાયા હતા.

ગાંધીનગર શહેરમાં દબાણ હટાવ ઝુંબેશની કામગીરી છેલ્લા બે મહીનાથી તેજ ગતિએ હાથ

● અનુસંધાન પાન-૭ પર

૩૧ ઓક્ટોબરને એકતા દિવસ તરીકે ઉજવાશે

જિલ્લા મથકોએ રન ફોર યુનિટી અને માર્ચ પાસ્ટના કાર્યક્રમો યોજવા સરકારની સૂચના

ગાંધીનગર, તા. ૨૨

૩૧મી ઓક્ટો.ને એકતા દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય રાજ્ય સરકારે ભારત સરકારની સૂચનાને પગલે લીધો છે. આ દિવસે જિલ્લામથકોએ સવારે રન ફોર યુનિટી તેમજ માર્ચપાસ્ટ અને એકતા દિવસની ઉજવણીમાં એકતા અને અખંડિતતાના શપથ પણ લેવડાવવા માટે દરેક જિલ્લાઓને આજે સૂચના આપી છે.

રાજ્ય સરકારે ૩૧મી ઓક્ટો. જે સ્વ. સરદાર પટેલની જન્મજયંતિ છે. આ દિવસને એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે તેવો નિર્ણય લીધેલ છે.

આ દિવસે દરેક જિલ્લા મથકે સવારના સમયે રન ફોર યુનિટી અને તેના અંતે દરેકને એકતા અને અખંડિતતા જાળવવાના શપથ લેવડાવવામાં આવે તે રીતે આખા કાર્યક્રમનું આયોજન કરવા જણાવ્યુ છે. આ ઉપરાંત સાંજના સમયે એક માર્ચપાસ્ટનું પણ આયોજન કરવા માટે સૂચવ્યુ છે.

આ દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું પણ લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે સાધુબેટ ખાતે કરવામાં આવનાર છે.

સરકાર તરફથી જિલ્લામથકોએ રન ફોર યુનિટી અને માર્ચપાસ્ટના આયોજનો કરવાની આપેલ સૂચનાને પગલે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ કામે લાગ્યા છે.

રન ફોર યુનિટીના અંતે જે શપથ લેવડાવવાના છે તેનો પણ મુસદ્દો સરકારે તૈયાર કરી મોકલ્યો હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.



રાજ્યના ૫૧ તાલુકા અછતગ્રસ્ત જાહેર

૪ કરોડ કિલોગ્રામ ઘાસચારો ખરીદવાનો સરકારનો નિર્ણય : પહેલી ડિસેમ્બરથી સહાય સરકારની જાહેરાતને પગલે રાજ્યના પશુપાલકમાં ભારે રાહતની લાગણી ફેલાઈ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજ્યમાં અછતની પરિસ્થિતિ અને પશુપાલકોની મુશ્કેલીને ધ્યાનમાં લઈ એક મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલકોને મદદ કરવાના હેતુથી ચાર કરોડ કિલો ઘાસચારો ખરીદાશે અને આગામી તા.૧ લી ડિસેમ્બરથી રાજ્યના અછતગ્રસ્ત વિસ્તારોમાં તેની સહાય આપવામાં આવશે. સરકારની આ જાહેરાતને પગલે રાજ્યના પશુપાલકોમાં ભારે રાહતની લાગણી ફેલાવા પામી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આ મામલે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની સિઝનમાં પ્રમાણમાં ઓછો વરસાદ નોંધાયો છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ખેડૂતોનાં પાકને ઓછા વરસાદનાં કારણે નુકશાન

● અનુસંધાન પાન-૭ પર

ઝિકા વાયરસને લઈ શહેરી મેલેરિયાતંત્ર દ્વારા સર્વે કરાયુ

ગાંધીનગર, તા. ૨૨

રાજસ્થાનમાં ઝિકા વાયરસના ૬૦થી પણ વધુ કેસ દેખાતાં હરકતમાં આવેલ આરોગ્યતંત્રએ ગાંધીનગર શહેરમાં વસતા ૩૫૦૦થી વધુ પરિવારોને આવરી લઈ સઘન સર્વેલન્સ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં જ્યાં વધુ રાજસ્થાની પરિવારો વસે છે તેવા સે. ૧૩, ધોળાકુવા, બોરીજ સે. ૨૪ના શ્રીનગર, ફતેપુરા, ગોકુલપુરા તેમજ આદિવાડાના કેટલાક વિસ્તારમાં આ અંગે સઘન સર્વેલન્સ છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન કરેલ છે.

શહેરી મેલેરિયાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં એક પણ ઝિકાનો શંકાસ્પદ કેસ મળી આવેલ નથી. આ સર્વે કરવા માટેની સૂચનાઓ રાજ્યના આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા આપવામાં આવી હતી.

સર્વેલન્સમાં ૩૫૦૦ પરિવારના ૧૯ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ઝિકા વાયરસના ૬૦થી વધુ કેસ રાજસ્થાનમાં દેખાતાં સરકારે આ અંગે તંત્રને સતર્ક રહી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટેની સૂચના આપી છે. આ ઝિકા વાયરસ પણ એડીસ મચ્છર કરડવાથી જ થતો હોય છે.

જિલ્લામાંથી સ્વાઈન ફ્લુનો વધુ એક કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુનો વધુ ૧ કેસ મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૪૮ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના પાટનાકુવા પંથકમાંથી ૬૦ વર્ષીય આધેડને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું પરીક્ષણ દરમ્યાન જણાઈ આવેલ છે. જે હાલ સારવાર હેઠળ છે.

જિલ્લામાંથી મળેલા સ્વાઈન ફ્લુના કેસો પૈકી હાલ ૩ જ દર્દી સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ૩૮ દર્દીઓ સારવારથી સંપૂર્ણ રોગમુક્ત થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે સાત દર્દીઓના આ રોગમાં મોત થયા છે. જિલ્લામાં બેવડી ઋતુ હાલ ચાલી રહી હોવાથી સ્વાઈન ફ્લુના કેસો છુટા છવાયા મળી રહ્યા છે અને તંત્ર સંપૂર્ણ સતર્કતા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

કપાસના પાકમાં ગુલાબી ઈયળના ઉપદ્રવની શક્યતાઓ

જિલ્લામાં ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસના પાકનું વાવેતર

ગાંધીનગર, તા. ૨૨

સંપૂર્ણ પાકટ અવસ્થાએ પહોંચેલા કપાસના પાકમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ થવાની સંભાવનાને પગલે જિલ્લા ખેતીવાડી તંત્રએ ખેડૂતોને સતર્ક રહી અને આ ઉપદ્રવને નાથવા માટેના અગમચેતી પગલાં લેવા સલાહ આપી છે.

જિલ્લા ખેતીવાડીતંત્રે તાજેતરમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ પાકટ અવસ્થાએ કપાસના પાકમાં દેખાવાની શક્યતાઓ સંશોધન કેન્દ્રોના વૈજ્ઞાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવતાં જિલ્લા ખેતીવાડીતંત્ર હરકતમાં આવ્યુ છે.

ગુલાબી ઈયળના ફુદા કે ઈયળ દેખા દે તે સાથે જ જરૂરી દવાનો છંટકાવ કરવાની સલાહ આપતાં ખેડૂતોને ગ્રામસેવકોનો સંપર્ક કરવા જણાવાયું છે.

જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં તો કપાસનો પાક એકથી બે વીણીમાં જ અસહ્ય ગરમીને કારણે પુરો થઈ ગયો છે. જો કે હજુ ઘણા વિસ્તારોમાં કપાસ સારો જણાઈ રહ્યો છે. જિલ્લામાં ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસના પાકનું વાવેતર થયેલુ છે જે નોંધનીય છે.

રાજ્યમાં તલાટીઓની હડતાળથી પંચાયતી તંત્ર ઠપ્પ

અમદાવાદ,તા. ૨૨

અમદાવાદ, ગાંધીનગર સહિત રાજ્યભરના ૧૧ હજારથી વધુ તલાટીઓ વર્ષોજૂના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે

પ્રમોશન, પગારવધારા સહિતની જુદી જુદી માંગ : ૧૧ હજારથી વધારે તલાટી હડતાળ પર : રાજ્ય સરકાર દ્વારા પડતર માંગણીનો ઉકેલ લવાય તેવી માંગણી કરાઈ

છેલ્લા બે મહિનાથી સરકાર સામે જંગે ચડ્યા છે. સરકારને અનેક વખત પ્રશ્નો ઉકેલવા માટે વિનંતી કરીને સંખ્યાબંધ કાર્યક્રમો આપ્યા બાદ કોઈ નિરાકરણ નહીં આવતાં સરકારની નીતિથી નારાજ થયેલા રાજ્યભરના તલાટી-કમ-મંત્રીઓ આખરે આજથી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતરી ગયા હતા, જેને પગલે રાજ્યની પંચાયતોમાં કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, દેવભૂમિદ્વારકા સહિતના જિલ્લાઓમાં તલાટી કમ મંત્રીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી સ્થાનિક કક્ષાએ સરકાર સામે વિરોધ પ્રદર્શન અને દેખાવો પણ યોજ્યા હતા. તલાટીઓ દ્વારા તેમના પડતર માંગણી પરત્વે સરકાર દ્વારા તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ગામેગામ યોજાઈ રહેલી એકતા યાત્રા, ગ્રામસભા સહિત પંચાયતને લગતી રોજબરોજની કામગીરી ખોરવાતાં ગ્રામજનોની હાલાકી વધી ગઈ છે. નોકરીમાં પ્રમોશન, પગારધોરણ, સળંગ નોકરી, બઢતીની જોગવાઈમાં સુધારા સહિતની પડતર માંગણીઓના મુદ્દે ૧૧ હજાર તલાટીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતર્યા છે. તલાટી-કમ-મંત્રીઓના પડતર પ્રશ્નો અંગે છેલ્લા બે મહિનામાં ઘણા વિરોધ કાર્યક્રમો અપાયા હતા. વર્ષ ૨૦૧૦માં મહેસૂલી તલાટીની ભરતી થયાના પહેલાં ૪૦ વર્ષથી ગુજરાતમાં એક જ

તલાટી-કમ-મંત્રીની એક જ કેડર હતી. જે મહેસૂલી રેકોર્ડ નિભાવણીથી લઈને પંચાયતીરાજનાં તમામ કામનું વહન કરે છે. વર્ષ ૨૦૧૪માં સરકારે મહેસૂલી તલાટીઓને ઉપલા વર્ગના પ્રમોશન માટે રૂલ્સ તૈયાર કરીને નોટિફિકેશન બહાર પાડ્યું, ત્યારથી પંચાયતના ૧૦,૪૨૧ અકિલા તલાટીઓમાં અસંતોષ સર્જાયો હતો, કારણ કે પંચાયતના તલાટીઓ જે દિવસે સેવામાં પ્રવેશ લે ત્યારથી રિટાયર્ડ થાય ત્યાં સુધી તલાટીના તલાટી જ રહે છે.

પાયાની સૌથી મોટી કેડરને નજરઅંદાજ કરીને મહેસૂલના ૩૬૦૦ તલાટીઓ માટે નિર્ણય લેવાતાં વિવાદ સર્જાયો છે. રાજ્યના તલાટી-કમ-મંત્રી મંડળના પ્રમુખ ભરત ડી. આહીરે જણાવ્યું હતું કે, છેલ્લા બે મહિનાથી તલાટીઓ રાજ્ય સરકારને રજૂઆત કરતા આવ્યા છે. કાળી પટ્ટી, પેનડાઉન, માસ સીએલ જેવા એક પછી એક કાર્યક્રમ પણ આપ્યા હતા, છતાં સરકારે તલાટીઓની માગણી બાબતે કોઈ ગંભીરતા દાખવી નથી. સરકારથી નારાજ થઈને અમે રાજ્યના ૧૧ હજાર જેટલા તલાટી-કમ-મંત્રીઓએ આજથી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતર્યા છીએ. સરકાર જ્યાં સુધી હકારાત્મક નિર્ણય લઈ જાહેરાત નહી કરે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાળ ચાલુ રહેશે.

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. અમરસિંહ મગનજી સોલંકી

સ્વ. તા. ૨૦/૧૦/૨૦૧૮

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સાત્યતાનો માર્ગ બતાવનાર. જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવના આત્માને અમો કદી નહિ ભૂલીએ...

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.

ગાંધીનગર જીલ્લા પંચાયત કોંગ્રેસ પક્ષ પરિવાર

દિપાવલીના તહેવારો માટે ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ

અરિહંત ડ્રાયફ્રુટ્સ

રૂ. ૨૦૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ

C/O રૂપમ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૪૦૩,
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે,
અક્ષરધામ રોડ, ગાંધીનગર

હેમાંગ આર. ગાંધી 93777 23164
આર. ડી. ગાંધી 99241 23164

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ.ગીરીશભાઈ ડાહ્યાભાઈ પટેલ તા.૨૨-૧૦-૨૦૧૮ ના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા.૨૩-૧૦-૨૦૧૮ ને મંગળવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પંચાયત પદાધિકારી તાલીમ કેન્દ્ર ઈન્દીરા ભવન, જિલ્લા પચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગર.

લિ.

કૌશલ ગીરીશભાઈ પટેલ (પુત્ર) ભરતભાઈ ડાહ્યાભાઈ પટેલ (ભાઈ)
પ્રગ્નેશ (પીન્ટુ) ગીરીશભાઈ પટેલ (પુત્ર) ભગવાનદાસ હરગોવનદાસ પટેલ (અંધારીયા)

જાહેરાત

સેક્ટર-૩૦, ગાંધીનગર સ્થિત ઉદયભાણસિંહજી રિજીયોનલ ઈન્સ્ટીટ્યુટને તેના ઓફીસ બિલ્ડીંગ, છાત્રાવાસ, લાયબ્રેરી તેમજ પૂરા કેમ્પસમાં C.C.T.V. કેમેરા લગાવવાના થાય છે. ઉપરોક્ત કામના અનુભવી અને રસ ધરાવતી પાર્ટીએ દિન-૦૫માં બંધ કવરમાં સંસ્થાને, સંપૂર્ણ ફીટીંગ સાથેના ભાવ પહોંચતા કરવાના રહેશે.

વધુ માહિતી માટે સંપર્ક
૦૭૯-૨૩૨૬૦૭૮૩, ૨૩૨૬૧૭૧૫

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com